

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ તેરસ શનિવાર ૭ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૨૨

પાનાં ૧૪+૧૨ કિંમત ₹ ૫.૦૦

ધનતેરસે ૩. 60000 કરોડના સોના-ચાંદીનું વેચાણ



સોનામાં કિંમતની દૃષ્ટિએ ગયા વર્ષ કરતા ૧૫થી ૨૦ ટકા વધુ ખરીદી, જો કે જથ્થાની દૃષ્ટિએ વધારો નહીં

ચાંદીની ખરીદીમાં કિંમતની રીતે ૩૦ ટકા અને જથ્થાની દૃષ્ટિએ ૧૦ ટકા વધારાનો અંદાજ

સોનાની કિમતો જાન્યુઆરીના વિક્રમી સ્તરથી ઘટી, છતાં ગયા વર્ષના સ્તર કરતા વધુ છે

હળવા વજનની અને ૧૮ કેરેટ જ્વેલરીની વધુ માગ

ગ્રાહકો મોટે ભાગે હળવા વજનની અને ૧૮ કેરેટની જ્વેલરી તેમજ બજેટમાં રહે તેવી વસ્તુઓની પસંદગી કરી રહ્યા છે. ગ્રાહકો પેન્ડન્ટ, બંગડીઓ, ચેઇન અને નાના સોના-ચાંદીના સિક્કા વધુ પસંદ કરી રહ્યા છે. જયપુર, દેહરાદૂન, સુરત, બેલગામ, આરા અને રાયપુર જેવા નાના શહેરોમાં પણ પ્રથમ વખત ખરીદી કરનારાઓ સહિત ભારે આકર્ષણ જોવા મળી રહ્યું

...અનુસંધાન પાના 13 પર

મુંબઈ/નવી દિલ્હી, તા. ૬(PTI): શુક્રવારે ધનતેરસના શુભ અવસરે જ્વેલર્સે સોના અને ચાંદીની ભારે માંગ નોંધાવી હતી. તાજેતરમાં ભાવમાં થયેલા ઘટાડાને કારણે ગ્રાહકો ખરીદી તરફ વળ્યા છે, જેના લીધે સોનાનું વેચાણ મૂલ્યની દ્રષ્ટિએ ૧૫થી ૨૦ ટકા વધીને આશરે રૂ. ૬૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાની ધારણા છે, તેમ ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું હતું.

ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (GJC)ના ચેરમેન રાજેશ રોકડેએ જણાવ્યું હતું કે, જો કે વેચાણના જથ્થા(વોલ્યુમ)ની દ્રષ્ટિએ સ્થિતિ ગયા વર્ષ જેટલી

...અનુસંધાન પાના 13 પર

ધનતેરસે દેશમાં 1 લાખ વાહનો વેચાયા

પેસેન્જર વાહનની સરેરાશ વેચાણ કિંમત આશરે રૂ. ૧૦-૧૨ લાખ

ઉત્તર ભારતમાં મજબૂત માગ નોંધાઇ, દક્ષિણમાં ખરીદી સ્થિર રહી

વાહન ઉત્પાદકોને રૂ. ૧૦૦૦૦ કરોડની આવક થઇ હોવાની ગણતરી



મુંબઇ, તા. 6 : આ ધનતેરસે કુલ એક લાખ વાહનોનું વેચાણ થયાનો અંદાજ દેશના વાહન નિર્માતાઓ મૂકી રહ્યા છે, જેમાંથી રૂ. ૧૦૦૦૦ કરોડ જેટલી આવક થઇ હોવાની શક્યતા છે જે બાબત દેશમાં તહેવારોની સિઝનમાં વાહનોની મજબૂત ખરીદીનો સંકેત આપે છે.

એક વરિષ્ઠ ઉદ્યોગ અધિકારીના જણાવ્યા અનુસાર, અંદાજિત ડિલિવરી મોટા પાયે ગયા વર્ષના ધનતેરસના ઉદ્યોગના પ્રદર્શન સાથે સુસંગત છે. ઉત્તર ભારતમાં ખાસ કરીને મજબૂત માંગ નોંધાઇ હતી, જ્યારે દક્ષિણના બજારોમાં વેચાણ સ્થિર રહ્યું હતું. લગભગ તમામ રાજ્યોમાં ગ્રાહકોનો મૂડ ખૂબ જ સકારાત્મક બની રહે છે. ઉદ્યોગે આજે (ધનતેરસના દિવસે) આશરે ૧૦૦,૦૦૦ની ડિલિવરી કરી હશે, જે ગયા વર્ષના કુલ આંકડા સમાન છે. દક્ષિણમાં ભલે સ્થિર વેપાર થયો હોય, પરંતુ ઉત્તરે ખૂબ જ સારું પ્રદર્શન કર્યું છે," તેમ અધિકારીએ જણાવ્યું હતું. પેસેન્જર વાહનની સરેરાશ વેચાણ કિંમત આશરે રૂ. ૧૦-૧૨ લાખ હોવાનો અંદાજ છે, ત્યારે ઉદ્યોગે માત્ર ધનતેરસના દિવસની ડિલિવરીથી રૂ. ૧૦,૦૦૦ કરોડથી રૂ. ૧૨,૦૦૦ કરોડની વચ્ચે આવક પેદા કરી હોવાનો અંદાજ છે.

ભારતની સૌથી મોટી પેસેન્જર વાહન ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી આ વર્ષે ધનતેરસ પર આશરે 30,000 વાહનો પહોંચાડવાની અપેક્ષા રાખે છે, એમ મારુતિ સુઝુકીના માર્કેટિંગ અને સેલ્સના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર પાર્થો બેનરજીએ જણાવ્યું હતું. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરુણ ગર્ગે જણાવ્યું હતું કે કંપની ધનતેરસ દરમિયાન લગભગ 16,000 વાહનો પહોંચાડવાની અપેક્ષા રાખે છે, જે ગયા વર્ષ કરતાં લગભગ 14% વધુ છે. "ધનતેરસ અને દિવાળી એ નવું વાહન ઘર લાવવા માટેના સૌથી શુભ દિવસોમાંના એક છે અને આ વર્ષે પણ અમને ગ્રાહકો તરફથી મજબૂત માંગ જોવા મળી રહી છે. અમે આશરે 16,000 યુનિટ્સ પહોંચાડવાની અપેક્ષા રાખીએ છીએ, જે ગયા વર્ષ કરતા લગભગ 14% વધારે છે," તેમ ગર્ગે જણાવ્યું હતું. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અપેક્ષા રાખે છે કે તેની એક દિવસની ધનતેરસની ડિલિવરી 12,000 યુનિટ્સને વટાવી જશે.

દિલ્હીમાં હવાની ગુણવત્તા બગડતા ગ્રેપ-૩ નિયંત્રણો અમલી

બાંધકામ સહિતની કેટલીક પ્રવૃતિઓ અને જૂના વાહનો ચલાવવા પર પ્રતિબંધ

નવી દિલ્હી, તા. 6 : દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ(AQI) હાલમાં ૩૮૨ સાથે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં છે અને તે ૪૦૦ના આંકડાની નજીક પહોંચી રહ્યો છે, જેને પગલે સત્તાવાળાઓએ 'ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન'(Grap)ના ત્રીજા તબક્કાનો અમલ શરૂ કર્યો છે. આ નિયંત્રણોનો હેતુ સમગ્ર દિલ્હી-એનસીઆરમાં ધૂળના પ્રદૂષણ અને ઉત્સર્જનને અટકાવવાનો છે.

ગ્રેપ-૩ હેઠળ, નેશનલ કેપિટલ રીજન(NCR)માં બાંધકામ અને ડીમોલીશનની અનેક પ્રવૃત્તિઓ પર સખત નિયંત્રણો લાદવામાં આવ્યા છે. એનસીઆરમાં ઉત્તર પ્રદેશના નોઈડા, ગાઝિયાબાદ તેમજ હરિયાણાના ગુરુગ્રામ શહેરોનો સમાવેશ થાય છે. ગ્રેપ તબક્કા III હેઠળ જે પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં ઉત્ખનન, પુરાણ, બોરિંગ, ડ્રિલિંગ, પાઇલિંગ, તોડી પાડવું, ઈંટોનું કામ, રોડ નિર્માણ અને મોટા સમારકામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કલર-કામ, પોલિશિંગ, વાર્નિશિંગ, મોટું વેલ્ડિંગ અને ગેસ-કટિંગ, તેમજ ટાઇલ્સ અને પત્થરો કાપવા કે ઘસવા જેવી પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ મુકાયો છે. ગ્રેપ નિયંત્રણો ધૂળ ઉત્પન્ન કરતી સામગ્રી જેવી કે સિમેન્ટ, રેતી, ઈંટો, ફ્લાય એશ અને કશર સ્ટોનના ટ્રાન્સફર, લોડિંગ અને અનલોડિંગને પણ આવરી લે છે. કાચા રસ્તાઓ પર બાંધકામ સામગ્રી અથવા તોડી

...અનુસંધાન પાના 13 પર

જે ટ્રીક ડો. કલામે વાપરી હતી તે પંજાબના ખેડૂતો વાપરી રહ્યા છે!

ભારતે જ્યારે ૧૯૯૮માં ડો. એ.પી.જે. કલામની આગેવાની હેઠળ પોખરણમાં અણુ પરીક્ષણો કર્યા હતા ત્યારે આ અણુ પરીક્ષણોની તૈયારી અમેરિકાથી છૂપાવવા માટે અમેરિકી ઉપગ્રહો જે સમયે ભ્રમણકક્ષામાં ભારત ઉપરથી પસાર થતા હોય તે સમયે કોઇ હિલચાલ પોખરણમાં દેખાય નહીં તેની કાળજી રાખી હતી. આ ઉપગ્રહોના પસાર થવાનો સમય સ્વાભાવિક રીતે વૈજ્ઞાનિકોને ખબર હતી. હવે પંજાબના ખેડૂતો પણ આ ટ્રીક અપનાવી રહ્યા છે. ભારતના તથા કેટલાક આંતરરાષ્ટ્રીય ઉપગ્રહો ખેતરોમાં બળતી આગ વગેરે પર નજર રાખે છે. કોઇક રીતે પંજાબના ખેડૂતોને ખબર પડી ગઇ છે કે આ ઉપગ્રહો દિવસના કયા સમય દરમ્યાન આ વિસ્તાર પરથી પસાર થાય છે તેથી તેઓ તે સમયે પરાળ બાળવાનું ટાળે છે જેથી સંભવિત દંડથી બચી શકાય.

વૈશ્વિક કડાકા છતાં સેન્સેક્સ 1718 પોઇન્ટ્સ ઉછળ્યો, 7 દિવસમાં 7782 પોઇન્ટ્સ વધ્યો

મુંબઈ, તા. ૬ (PTI): વૈશ્વિક બજારોમાં તીવ્ર ઘટાડા છતાં ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકો શુક્રવારે સતત સાતમા દિવસે વધારા સાથે બંધ રહ્યા હતા. સેન્સેક્સ ૧,૭૧૮ પોઇન્ટ ઉછળ્યો હતો અને નિફ્ટી ફરી ૨૫,૦૦૦ની સપાટી વટાવી ગયો હતો. વિદેશી ફંડ્સના સતત રોકાણ અને કાચા તેલના ભાવ ઘટવાથી રોકાણકારોનો ઉત્સાહ વધ્યો હતો. બીજા ક્વાર્ટરમાં કંપનીઓના સારા પરિણામો અને રૂપિયો મજબૂત થવાથી પણ બજારને ટેકો મળ્યો હતો, જ્યારે કે દલાલ સ્ટ્રીટ પર તહેવારોનો માહોલ જળવાઈ રહ્યો હતો. ૩૦ શેરો ધરાવતો BSE સેન્સેક્સ ૧,૭૧૮.૦૧ પોઇન્ટ અથવા ૨.૧૭ ટકા વધીને દિવસના સર્વોચ્ચ સ્તર ૮૧,૦૨૮.૦૨ પર બંધ થયો હતો. ૫૦ શેરો ધરાવતો NSE નિફ્ટી ૪૯૩.૭૫ પોઇન્ટ અથવા ૨.૦૧ ટકા વધીને દિવસના સર્વોચ્ચ સ્તર ૨૫,૦૩૦.૩૫ પર બંધ થયો હતો. તમામ ક્ષેત્રોમાં થયેલી વ્યાપક ખરીદીને કારણે આ મુખ્ય સૂચકાંક નવ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આ અગાઉ ૨

...અનુસંધાન પાના 13 પર

દિલ્હીમાં વાહનોને મોટા વાયુ પ્રદૂષકો ગણાવતી સુપ્રીમ કોર્ટ

CJIએ વાહનોના પ્રદૂષણને નિયંત્રિત કરવા માટેના વર્તમાન પગલાંઓની અસરકારકતા પર સવાલ ઉઠાવ્યા.

અનેક નિયમનકારી પગલાં લેવા છતાં એર ક્વોલિટી ઇન્ડેક્સ(AQI) શા માટે ચિંતાજનક સ્તરે રહે છે

સુઓ મોટો અરજીની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટમાં પરાળ સળગાવવાના મુદ્દાની પણ ચર્ચા થઇ



નવી દિલ્હી, તા. 6 (PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હી-એનસીઆરમાં વારંવાર સર્જાતી વાયુ પ્રદૂષણની ગંભીર કટોકટી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે વાહનોના ધુમાડાને હવાની કથળતી ગુણવત્તા માટે મુખ્ય જવાબદાર ગણાવ્યો હતો અને સત્તાવાળાઓને પ્રશ્ન પૂછ્યો હતો કે અનેક નિયમનકારી પગલાં લેવા છતાં એર ક્વોલિટી ઈન્ડેક્સ(AQI) શા માટે ચિંતાજનક સ્તરે રહે છે.

વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવાના કાયદાકીય માળખાની સમીક્ષા કરતી સુઓ મોટુ અરજી પર સુનાવણી કરતી વખતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી જસ્ટિસ વી. મોહનાની બનેલી બેંચે દિલ્હી-એનસીઆરમાં "બમ્પર-ટુ-બમ્પર" (ચોંટીને ચાલતા) ટ્રાફિક અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. દિલ્હીમાં સતત જોવા મળતા ભારે ટ્રાફિકની નોંધ લેતા, CJIએ વાહનોના પ્રદૂષણને નિયંત્રિત કરવા માટેના

...અનુસંધાન પાના 13 પર

ચોખા મોંઘા થતાં સંગ્રહખોરો પર કેન્દ્ર સરકારની કડક નજર

સ્ટોક જાહેર કરવો ફરજિયાત, દર શુક્રવારે ફૂડ સ્ટોક પોર્ટલ પર પોતાની પાસેના જથ્થાની વિગતો અપડેટ કરવાની રહેશે

દક્ષિણના પાંચ રાજ્યોની સરકારોને સ્ટોક મર્યાદા અમલી બનાવવાની છૂટ અપાઇ

નવી દિલ્હી, તા. 6 (PTI): અપૂરતા અને અસમાન ચોમાસાને કારણે ચોખાના ભાવમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે શુક્રવારે દેશભરના વેપારીઓ, રિટેલરો, જથ્થાબંધ વેપારીઓ, પ્રોસેસર્સ અને મિલરોને તેમના ચોખા તથા ડાંગરના સ્ટોકની જાહેરાત કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ સંગ્રહખોરી રોકવા માટે દક્ષિણના પાંચ રાજ્યોને સ્ટોક મર્યાદા લાદવાની પણ મંજૂરી આપી છે.

6 નવેમ્બરના આદેશ અનુસાર, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વેપારીઓ, જથ્થાબંધ વેપારીઓ, રિટેલરો, મોટા રિટેલ ચેઇન સંચાલકો તેમજ પ્રોસેસર્સ અને મિલરોએ છ શ્રેણીઓ - બાસમતી ચોખા, નોન-બાસમતી પ્રીમિયમ ચોખા, નોન-બાસમતી ચોખા, સેલો(પારબોઈલ્ડ) ચોખા, કણકી અને ડાંગરના પોતાના સ્ટોકની વિગતો જાહેર કરવી પડશે. ખાદ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સ્ટોક ધરાવતા દરેક એકમે દર શુક્રવારે ફૂડ સ્ટોક પોર્ટલ (foodstock.dfpd.gov.in) પર વિગતો અપડેટ કરવાની રહેશે.

જે એકમો પોર્ટલ પર નોંધાયેલા નથી અથવા સ્ટોક મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, તેમની સામે આવશ્યક વસ્તુ ધારા, 1955ની કલમ 6 અને 7 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. એક અલગ પત્રમાં કેન્દ્રએ આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણાને કંટ્રોલ ઓર્ડર દ્વારા ડાંગર અને ચોખા પર સ્ટોક મર્યાદા લાદવા માટે સંમતિ આપી છે. આ મર્યાદા 31 જાન્યુઆરી, 2027 સુધી અમલમાં રહેશે. પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તેમજ સંગ્રહખોરી અને કાળાબજારી રોકવા માટે કેન્દ્ર

...અનુસંધાન પાના 13 પર

SIR ડ્રાફ્ટ યાદીમાંથી બહાર રહી ગયેલા 7 રાજ્યોના મતદારોને નામ જોડવાની તક

ચૂંટણી પંચે 7 રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અને ડુપ્લિકેટ તરીકે ચિહ્નિત મતદારોને પુનઃ સામેલ કરવા નિર્દેશ આપ્યો

અરજીઓની ચકાસણી કરાશે અને સ્વીકૃત અરજીઓને અંતિમ યાદીમાં સામેલ કરાશે

નવી દિલ્હી, તા. 6 (PTI): કરોડો મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવાના આક્ષેપોનો સામનો કરી રહેલા ચૂંટણી પંચે શુક્રવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પંચે ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અભિયાન દરમિયાન ડ્રાફ્ટ યાદીમાં સામેલ ન થઈ શકેલા અને 'એએસડીડી' (ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અને ડુપ્લિકેટ) તરીકે ચિહ્નિત કરાયેલા સાત રાજ્યોના મતદારોને અંતિમ યાદીમાં નામ નોંધાવવાની વધુ એક તક આપી છે.

ચૂંટણી પંચ દ્વારા દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડના મુખ્ય ચૂંટણી અધિકારીઓને એક પત્ર મોકલીને આ નિર્દેશ જારી કરવામાં આવ્યો છે. આ નિર્ણય એવા મતદારોને આવરી લે છે જેને ગણતરીના ફોર્મ જારી કરવામાં આવ્યા હતા પરંતુ તે પાછા મળ્યા ન હતા, જેના

...અનુસંધાન પાના 13 પર

ઓઈલ કંપનીઓ પેટ્રોલમાં 31.2 ટકા સુધી ઈથેનોલ ભેળવે છે: કર્ણાટક સરકારનો આરોપ

લેબોરેટરી ટેસ્ટમાં આઈઓસીએલ અને 'એચપીસીએલ'ના સેમ્પલમાં આટલું ઊંચું મિશ્રણ સામે આવ્યું

રાજ્ય સરકારે ગ્રાહકોને નુકસાન ભરપાઈ કરવા અને કાર્યવાહી કરવાની માગ કરી



બેંગ્લુરુ, તા. 6 (PTI): દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ નિયત 20 ટકાની મર્યાદા કરતા વધુ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ કરી રહી હોવાનો ગંભીર આરોપ કર્ણાટક સરકારે શુક્રવારે લગાવ્યો છે. રાજ્ય સરકારના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી રિઝવાન

...અનુસંધાન પાના 13 પર

વિવિધ કંપનીઓમાં મળી આવેલું ઈથેનોલનું પ્રમાણ

પરીક્ષણના પરિણામો મુજબ, HPCLના પેટ્રોલમાં 27 ટકા, BPCLના સ્પીડ પેટ્રોલમાં 26.5 ટકા, નાયારામાં 26.1 ટકા અને શેલ પેટ્રોલમાં 25.5 ટકા ઇથેનોલનું પ્રમાણ મળી આવ્યું હતું. આ ઉપરાંત, BPCLના અન્ય સેમ્પલોમાં 24.2 ટકા અને

...અનુસંધાન પાના 13 પર

તા. ૦૬-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૩° સે.	૨૩.૮° સે.	૨૭%